# ચિલોડા સર્કલ પાસે દબાણતંત્રનો સપાટો

## મુખ્ય માર્ગોની આસપાસ ટ્રાફિકને અડચણરૂપ સૌથી વધુ દબાણો હટાવાયા : પોલીસતંત્ર ખડેપગે રહ્યું





ગાંધીનગર, તા. ૨૫

ચિલોડા સર્કલે આજે દબાણતંત્રએ સપાટો બોલાવ્યો હતો. માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ જેસીબી મશીનોના કાફલાં સાથે અહીં ઉતરી પડ્યા હતા અને દબાણોનો સફાયો બોલાવી દીધો હતો.

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા સર્કલે વાહનોની અવરજવર ખૂબ રહે છે. રાજસ્થાન તરફ જતો હાઈવે અહીંથી પસાર થતો હોઈ મુસાફરોની હંમેશા ચહલપહલ રહે છે. મુસાફરોની ભીડનો લાભ લેવા આ સર્કલે અનેક નાની-મોટી ખાણીપીણીની અને છૂટક ચીજવસ્તુઓની દુકાનો શરૂ થઈ ગઈ હતી. ધીમે ધીમે આ સર્કલની આસપાસ એક નાનુ બજાર જ બની ગયું હતું. ખાસ કરીને દહેગામ, હિંમતનગર, સાદરા, ચિલોડા એપ્રોચ રોડ પર દિવસે દિવસે દબાણો ખુબ વધતા જતા હતા. આસપાસના ગામડાઓના ગ્રામજનો અહીં જ ખરીદી કરવા માટે આવતા હતા. આ દબાણો ટ્રાફિક માટે અચડણરૂપ બનતા તેને હટાવવાની અનેકવાર રજુઆત થતાં માર્ગ અને મકાન વિભાગે આજે મક્કમ પગલાં લીધા હતા.

પાથરણાવાળા અને લારી-ગલ્લાવાળાઓને અહીંથી હટી જવા તંત્રએ પંદર દિવસ અગાઉ નોટીસ આપી હોવા છતાં તેઓએ અહીં અડીંગો જમાવી દીધો હતો. પરિણામે તંત્રને પોલીસની મદદ લેવી પડી હતી. પોલીસતંત્રના કાફલા સાથે દબાણતંત્ર સવારે જ અહીં ત્રાટક્યું હતું. દબાણશાખાએ દબાણો હટાવવા માટે જેસીબી મશીનની પણ મદદ લીધી હતી. અચાનક જ દબાણતંત્ર ત્રાટકતા ફેરીયાઓમાં અફરાતફરી મચી ગઈ હતી. લારી ગલ્લાવાળાઓ પોતાનો સામાન બચાવવા અહીંથી તહી દોડતા નજરે પડતા હતા. ચિલોડા પોલીસ સ્ટેશનની પાસે બની ગયેલા કેટલાક ઝુંપડાઓ પણ દબાણશાખાએ સાફ કરી નાંખ્યા હતા. દબાણની કામગીરી જોવા ગ્રામજનોના ટોળેટોળા અહીં ઉમટી પડ્યા હતા. દબાણો દૂર કરી માર્ગ અને મકાન વિભાગે મોટાભાગની જમીન ખુલ્લી કરાવી દીધી હતી.

# જિલ્લામાં શહેરી કક્ષાનો પ્રવેશોત્સવ ૨૮થી ૩૦ જૂન દરમ્યાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાની ચાર નગરપાલિકા વિસ્તારમાં તા. ૨૮ મી જૂન-૨૦૧૨થી ત્રિદિવસીય શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૨નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કુમાર ૮૧૫ અને કન્યા-૭૦૮ મળીને કુલ-૧૫૨૩ બાળકોનું નામાંકન કરવામાં આવશે. તેમજ કુલ ૩૬૯ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવશે. તા.૨૮મી જૂન-૨૦૧૨થી શરૂ થનાર શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૨ના કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લા -ભારી મંત્રી અને શિક્ષણ રાજય મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ તા.૨૯મી જૂનના રોજ માણસા નગરપાલિકા વિસ્તારની પાંચ શાળાઓમાં -વેશવિધિ સંપન્ન કરાવશે. તા. ૩૦ મી જૂનના રોજ સંસદ સભ્ય શ્રી હરિનભાઈ પાઠક દહેગામ નગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ગામોની -ાથમિક શાળાઓમાં બાળકોનું નામાંકન કરાવશે. તે ઉપરાંત તા. ૨૮મી જુનના રોજ બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ નિગમના ચેરમેન શ્રી પૂનમભાઈ મકવાણા કલોલ નગરપાલિકા વિસ્તારની -ાથમિક શાળાઓમાં બાળકોનું નામાંકન કરાવશે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર તા. ૨૮મી જુનના રોજ દહેગામ નગરપાલિકા વિસ્તારમાં, તા.૨૯મી જૂનના રોજ કલોલ નગરપાલિકા વિસ્તારમાં અને તા. ૩૦મી જૂનના રોજ મોટેરા કુમાર અને કન્યા શાળામાં બાળકોને -વેશ કરાવશે. આ કાર્યક્રમ અંતર્ગત માણસામાં કુમાર-૧૨૨ અને કન્યા ૧૦૪ મળીને કુલ-૨૨૬, દહેગામમાં કુમાર-૧૪૯ અને કન્યા ૧૫૦ મળીને કુલ-૨૯૯, ગાંધીનગરમાં કુમાર-૩૪૦ અને કન્યા ૨૬૮ મળીને ૬૦૮ અને કલોલમાં કુમાર-૨૦૪ અને કન્યા ૧૮૬ મળીને ૩૯૦ બાળકો -વેશ લેશે. તેમજ ૦ થી ૩૫ ટકા સ્ત્રી સાક્ષરતા દર ધરાવતા ગામોની કુલ-૨૩૯ અને બીપીએલ કાર્ડધારક વાલીઓની -વેશ મેળવનાર ૧૩૦ કન્યાઓને બોન્ડ અર્પણ કરવામાં આવશે.

# ગાંધીનગર પાવર સ્ટેશનની ક્રેડીટ સોસાયટીના પ્રમુખ જસાણી અને મંત્રી પદે ડાંગર વરાયા

ગાંધીનગર તા. ૨૫

ગાંધીનર પાવર સ્ટેશન એમ્પોલોઈઝ કો.ઓ. સોસાયટીના વર્ષ ૨૦૧૨-૧૩ના પાંચ વ્યવસ્થાપક અને મંત્રીની ચૂંટણી યોજાઈ ગઈ. જેમાં સેક્રેટરી તરીકે એસ.એલ.ડાંગર તથા વ્યવસ્થાપક સભ્ય તરીકે ડી.સી.ડાભી, એલ.જી.સિંઘા, એસ.વી.ચૌધરી, આર.આર.ભોઈ, એમ.વી. સોલંકી ચૂંટાઈ આવ્યા છે. જ્યારે ૩૮મી વાર્ષિક સામાન્ય સભાના પ્રમુખ તરીકે પાવર સ્ટેશનના વડા બી.આર. અધવર્યુ, અતિથિ વિશેષ કે. એલ.પટેલ હાજર રહ્યા હતા.

૨૦૧૨-૧૩ના સોસાયટીના પ્રમુખ તરીકે એચ.આર.જેસાણીની વરણી કરવામાં આવી છે. સભાનું સંચાલન સી.એચ.વાઘેલા અને એસ.બી.બક્ષીએ કરલે હતું.

# આજે એન્જીનીયરીંગ એસ્ટેટ સેક્ટર-૨૮ જી.આઈ.ડી.સી.માં રક્તદાન શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

જીઆઈડીસી એન્જીનીયરીંગ કોમ્પલેક્ષ એસોસિએશન ગાંધીનગરના માનદ મંત્રી બી. ડી. ચૌધરીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે તા. ૨૬મી જૂન-૨૦૧૨ને મંગળવારના રોજ સવારે ૯ થી ૧ કલાક દરમિયાન એસોસિએશનના કોમ્યુનિટી હોલમાં રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રક્તદાન કેમ્પ યોજાશે.

ગાંધીનગરના સેક્ટર-૨૮માં આવેલી જીઆઈડીસી એન્જીનીયરીંગ એસ્ટેટમાં યોજાનાર રક્તદાન શિબિરમાં રક્તદાતાઓને એસોસિએશન તરફથી આકર્ષક ગીફ્ટ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે. સમાજમાં પ્રવર્તતા અકસ્માતોમાં અને થેલેસેમિયા જેવા રોગોમાં રક્તદાતાઓ તરફથી મળેલુ રક્ત ખૂબ જ ઉપયોગમાં આવે છે અને હજારોના જીવ બચે છે. સમાજની સેવા અને દર્દીઓને જરૂરી રક્ત પહોંચાડવાના આશયથી યોજાતા રક્તદાન કેમ્પમાં સૌ નાગરિકોને ઉપસ્થિત રહી સહયોગ આપવા ખાસ જણાવાયું છે.

# ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ બક્ષીપંચ સેલમાં ચેરમેનની નિમણૂંક

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના ચેરમેન જયદિપસિંહ ઠાકોરે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ ઓ.બી.સી. ડિપાર્ટમેન્ટ બક્ષીપંચ સેલમાં ભાવેશકુમાર પ્રજાપતિની કારોબારી સભ્ય તથા ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી છે. ગાંધીનગર શહેરમાં કોંગ્રેસ પક્ષના સંગઠનને વધુ મજબૂત બનાવી પક્ષના વફાદાર કાર્યકર તરીકે કાર્યરત રહેવા જણાવ્યું છે.

# સે. ૪માં હતાશાથી ઘેરાયેલા રીક્ષાચાલકે ગળે ફાંસો ખાધો

*ગાંધીનગર, તા. ૨૫*

*સે. ૪માં રહેતા રીક્ષાચાલકે આજે સવારે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી. માનસિક હતાશ થતા તેમણે આ પગલુ ભર્યુ હોવાનું મનાઈ રહ્યું છે. સે. ૪માં રહેતા ૩૭ વર્ષીય ધીરજભાઈ કાળીરામભાઈ લેઉવાએ આજે સવારે ૮.૧૫ કલાકે પોતાના ઘરે પંખે લટકી ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. પત્ની અને બે બાળકોનો પરિવાર ધરાવતા ધીરજભાઈ રીક્ષા ચલાવી ગુજરાન ચલાવતા હતા. માનસિક હતાશામાં તેમણે આ પગલુ ભર્યુ હોવાનું પણ પ્રાથમિક પોલીસ તપાસના અંતે ધ્યાને આવ્યું છે. બનાવ સંદર્ભે સે. ૭ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ. સી. મકવાણાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.*

# સે. ૩માં વિદ્યાર્થીએ દુપટ્ટા વડે પંખે લટકી જીવન ટૂંકાવ્યું

## ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ઓછા ટકા આવતા લાગી આવ્યું !

ગાંધીનગર, તા. ૨૫

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પરિણામ નબળુ આવતા સે. ૩-બીમાં રહેતા એક આશાસ્પદ વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા સેક્ટરમાં ગમગીની છવાઈ ગઈ હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૩-બીમાં પ્લોટ નં. ૧૩૪૩/૧માં રહેતા અરૂણભાઈ બડગુર્જર સરકારી કર્મચારી છે. તેમના ૧૮ વર્ષીય પુત્ર જય એ ગત એપ્રિલમાં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહની દ્વિતીય સેમીસ્ટરની પરીક્ષા આપી હતી. જ્યારે પરીક્ષાના અંતે બે દિવસ પૂર્વે જાહેર થયેલા પરિણામથી જયને સંતોષ ન થયો. પોલીસના જણાવ્યા અનુસાર આજે સવારે તેણે પોતાના ઘરે દુપટ્ટા વડે પંખે લટકી ગળે ફાંસો ખાઈ પોતાનું જીવન ટુંકાવ્યું હતું. ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ઓછા ટકા આવતા લાગી આવતા તેણે આ પગલુ ભર્યુ હોવાનું પણ પોલીસને પ્રાથમિક તપાસના અંતે જાણવા મળ્યું છે. સે. ૭ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પી.એસ.આઈ. એચ.સી. મકવાણાએ વધુ તપાસ હાથ ધરી છે. મૃત્યુ પામનાર જયને એક બહેન છે. જે બરોડા ખાતે નર્સિંગમાં અભ્યાસ કરે છે.

# સાસરી ઉપરાંત પિયરને પણ સાચવતી એક સંસ્કારી દીકરીની ગરવી દાસ્તાન

## મૂંગા મોઢે પોતાની ફરજ અદા કરવાની જે શીખ પોતે દીકરીને આપી હતી એ આ નિષ્ઠ દીકરીએ આખી જિંદગી નિભાવી એ વાતનું ગૌરવ ઈન્દિરાના પિતાને આજીવન રહ્યું

સંબંધ સજાવે જિંદગી

**દીકરી વ્હાલનો દરિયો**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

૧૯૭૦ની આ વાત છે. ઈન્દિરાનાં લગ્ન જ થયાં હતાં. સૌરાષ્ટ્રના એક ગામની ઈન્દિરા પરણીને ગાંધીનગર આવી હતી. પિયર વસ્તારી, પિતાની આર્થિક સ્થિતિ સારી નહિ અને એ ઘરની પોતે સૌથી મોટી દીકરી તેથી પિયરની સતત ચિંતા રહેતી. પણ પતિને કહેતાં જીભ ઊપડતી નહીં.

જોકે, તેની અકળામણ જોઈને પતિએ સામેથી જ પૂછી લીધું, 'શું તકલીફ છે ? કંઈક મૂંઝાયેલી હોય એમ લાગે છે.' ઈન્દિરાએ મૂંઝવણ કહી દીધી ને તેના આશ્ચર્ય વચ્ચે પતિએ સારામાં સારો ઉપાય પણ બતાવી દીધો. 'વેરી સિમ્પલ, તું શનિ-રવિની રજાઓમાં ઉપડી જા તારા પિયર. સોમવારે આવી જજે પાછી.'

ઈન્દિરાએ તો આ વિચાર્યું જ ન હતું. પરંતુ, ઉપાય સારો હતો, એવું કરી શકાય એમ હતું. એમ કરવાથી પોતાની શિક્ષક તરીકેની નોકરી પણ સચવાઈ શકે એમ હતી અને માતા-પિતાનું ધ્યાન પણ રાખી શકાય એમ હતું. એણે એવું જ કર્યું. શુક્રવારે રાત્રે ભરપૂર નાસ્તો બનાવે. પતિ માટે પણ રાખે ને પિયર માટે પણ લઈ જાય. શનિ-રવિ પિયરમાં વિતાવી સોમવારે સવારે ગાંધીનગર પાછી હાજર થઈ જાય. એને આ મુસાફરી માફક આવી ગઈ. પતિ સાથે ઘર સચવાતું હતું અને પિયર પણ સચવાઈ જતું હતું.

એકવાર પિયર ગયા પછી ઈન્દિરાએ પોતાનો પગાર પિતાના હાથમાં મૂક્યો. પિતાએ પૂછ્યું, 'આ શું ?' 'મારો આ મહિનાનો પગાર છે.' 'મને કેમ આપે છે ?' 'અત્યાર સુધી તમને જ આપ્યો છે.' 'હા, પણ એ તારાં લગ્ન પહેલાંની વાત હતી, હવે તારે પગાર મને નહીં આપવો જોઈએ. આ પગાર તારા પતિને આપજે.' ઈન્દિરાને વાત સાચી પણ લાગી. લગ્ન પહેલાં પોતાની નૉકરી પિતા જે સ્કૂલમાં હેટમાસ્ટર હતા, તે જ સ્કૂલમાં હતી. પોતાનો પગાર કેટલો આવે છે એની જાણ પગાર સ્લીપ મળે એ કારણે થતી, બાકી પગાર તો એની સહી કર્યા પછી પિતા જ ગણી લેતા અને એ ઘરમાં ઉપયોગમાં લેવાઈ જતો. પોતે મોટી હતી, કમાતી હતી એટલે ઈન્દિરાને એ વાતનો કોઈ વાંધો પણ ન હતો, હજુ એ વાતનો એને વાંધો ન હતો. તેથી જ પરણ્યા પછી પણ એણે પગાર પિતાને ધર્યો, તો પિતાએ તે પતિને આપવાની વાત કરી.

ગાંધીનગર આવીને ઈન્દિરાએ પગાર પતિ સામે ધર્યો. ત્યાંથી પણ એ જ સવાલ આવ્યો, 'શું છે ?' 'મારો પગાર.' 'નૉકરી કેટલાં વર્ષોથી કરે છે ?' 'ચારેક વર્ષથી.' 'તો આ પહેલાં જે પગાર આવ્યા એનું શું કર્યું ?' 'પપ્પાને આપી દીધા, એમણે ઘરખર્ચમાં ઉપયોગ કર્યો.' 'તો અત્યારે પગાર મને કેમ આપે છે ?' 'પપ્પાએ કહ્યું એટલે. એમણે એમ કહ્યું કે હવે તું પરણી ગઈ એટલે તારા પગાર પર અમારો અધિકાર નથી. હવે પગાર તારા પતિને આપજે.' 'તારા પપ્પાને કહેજે કે હું પરણી ગઈ એથી તમારી દીકરી નથી મટી ગઈ. આ પગાર એમને જ આપજે.'

ઈન્દિરા તો દિગ્મૂઢ થઈ ગઈ. બહુ સરળતાથી પતિએ એના પિયરને સાચવવાની વાત કરી હતી. આભારના શબ્દોય એને ન સૂજ્યા.

પિતાને સમજાવીને પગાર એમના હાથમાં મૂક્યો અને વર્ષો સુધી એ ક્રમ ચાલ્યો. ઘરની આર્થિક સ્થિતિ સુધરી એટલે પિતાએ ઈન્દિરાના પૈસા લેવાનું બંધ પણ કર્યું. પણ એમને એ વાતનું હંમેશા ગૌરવ રહ્યું કે પોતાનું જીવન રહ્યું ત્યાં સુધી આ સંવેદનશીલ દીકરીએ પોતાનું અને પત્નીનું ધ્યાન રાખવામાં કચાશ નહોતી રાખી.

દીકરી એટલી ગૌરવશાળી હતી કે બીજે ગામ રહેતા પોતાના સાસરિયાઓની સેવા માટે પણ એટલી જ તત્પર હતી. સાસુ, સસરા, નણંદ, દિયર પોતાને ઘેર રહેવા આવે તો એમની સેવામાં એ રત થઈ જતી. મૂંગા મોઢે પોતાની ફરજ અદા કરવાની જે શીખ પોતે દીકરીને આપી હતી એ આ નિષ્ઠ દીકરીએ આખી જિંદગી નિભાવી એ વાતનું ગૌરવ ઈન્દિરાના પિતાને આજીવન રહ્યું. અને પોતાની જિંદગીમાં પોતાની આ ગરવી દીકરીને શિક્ષણકાર્ય માટે રાષ્ટ્રકક્ષાનો ઍવોર્ડ લેતી પણ તેમણે જોઈ ત્યારે તો ઈન્દિરાના માતા-પિતાને એમ થઈ ગયું કે બસ, દીકરીએ કુળ ઉજાળ્યો છે !

હાલ તો હયાત નથી ઈન્દિરાના માતા-પિતા ને હવે તો ઈન્દિરા પણ ખુદ દાદીની કક્ષા સુધી પહોંચી છે, પણ હા, એના માતા-પિતાના આશીર્વાદ હંમેશા તેની સાથે છે. પોતાની ત્રીજી પેઢીને પણ ઈન્દિરા આવા જ સંસ્કારો આપી રહી છે. આવી જ દીકરીઓને કારણે દીકરી વ્હાલનો દરિયો કહેવાતી હશે ને !

*(ગાંધીનગરની સાવ સાચી વાત. નામ બદલ્યું છે અને તસવીર નથી આપી એ પણ આ ગરવી દીકરીના જ સંસ્કાર !)*

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬

સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ : તેરી મેરી કહાની : ૧૦.૦૦

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ : રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦

ફરારી કી સવારી : ૪.૦૦

તેરી મેરી કહાની : ૬.૪૫

: સ્ક્રીન-૪ : ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૦.૦૦

ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦

રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ : રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫

કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫,૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ધી ટેલિકોમ્યુનિકેશ સ્ટાફ ક્રેડીટ સોસાયટી ગાંધીનગર દ્વારા સામાન્ય સભાનું આયોજન સાંજે ૪.૦૦ કલાકે.

## આપની આજ

**મેષ** : કુટુંબના કોઈ વ્યક્તિથી વિવાદ થઈ શકે છે. વ્યપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

**વૃષભ** : કુટુંબીજનો અને મિત્રોના સાથ સહકારથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. નોકરી- વ્યવસાયક્ષેત્રમાં તમારા પ્રયાસોની લોકો પ્રશંસા કરશે. ધનની વ્યવસ્થા કરવામાં મુશ્કેલી આવી શકે છે. સમય શુભ.

**મિથુન** : જ્ઞાન, શિક્ષા, સંશોધન વગેરે પર સમયનો વિશેષ વ્યય ન થાય તેની કાળજી રાખવી. કર્મક્ષેત્રના પ્રભાવથી આપના કાર્યમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે.

**કર્ક** : વ્યાપાર -વ્યવસાયમાં નવી કાર્યયોજનાનાં યોગ પ્રબળ બની રહ્યા છે. ભાગીદારીમાં તમને લાભ થવાની સંભાવના વધુ રહેલી છે. આળસનો ત્યાગ કરી આગળ વધો. રોકાયેલા નાણાં મળી શકે છે.

**સિંહ** : જૂના સંબંધોમાં આપને યશ પ્રાપ્તિની વૃદ્ધિ થઈ શકે છે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**કન્યા** : આપે ધૈર્ય અને સંયમ રાખીને આગળ વધુ હિતાવહ રહેશે. આયોજનપૂર્વક કરેલ કાર્ય કરવાથી લાભ પ્રાપ્ત થઈ શકશે. વ્યક્તિગત સમસ્યાઓ રહી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં લાભ પ્રાપ્તિનો યોગ.

**તુલા** : આપનામાં રહેલી દૂરદર્શિતા તેમજ બુદ્ધિ ચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ઈશ્વરમાં આસ્થાનો વધારો થશે.

**વૃશ્ચિક** : વ્યાપાર- વ્યવસાયમાં કામકાજના વિસ્તારમાં વધારો થવાની સંભાવના રહેલી છે. આરોગ્ય પ્રત્યે લાપરવા ન રહેવું. કુટુંબનાં સહયોગથી દિવસ પ્રસન્નતાપૂર્વક પસાર થશે.

**ધન** : આપના પિતાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને કાર્ય કરશો તો સફળતા મળવાની સંભાવના વધુ રહેલી છે. વરિષ્ટ લોકોથી મેળ-મિલાપ વધશે. સંતાન સંબંધી કાર્ય થશે.

**મકર** : આપને માનસિક સંતોષ અને પ્રસન્નતા રહેશે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે અને સંતાનની પ્રગતિના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ મળી શકે છે.

**કુંભ** : જમીન- મકાન- સંપતિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થઈ શકશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે.

**મીન** : આજે પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળવાની શક્યતા છે. સંતાન સંબંધી પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રે નવી યોજનાઓ સાકાર થતી જણાય. વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ધીરજકુમાર કાલીદાસ લેઉઆ(ઉ.વ.૩૮)પ્લોટ નં. ૭૬/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન ભીખાભાઈ પ્રજાપતિ(ઉ.વ.૫૭)પ્લોટ નં. ૮૦૬/ ૨, સેકટર-૨/સી, ગાંધીનગર.
- સ્વ. જય અરૂણકુમાર ભડગજ્જર(ઉ.વ.૧૭)પ્લોટ નં. ૧૪૩/ ૨, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. ઉદાજી લાલાજી ઠાકોર(ઉ.વ.૭૦) મુ.પો. કોલવડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઈરફાન અહમદ મીર(ઉ.વ.૨૧)બ્લોક નં. ૬, એમઆઈજી, સેકટર-૧૪, ગાંધીનગર.